૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**પાટણના ત્રીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( યુ.એસ.પરમાર. ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ )

૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭૭

**<u>ક્રિમીનલ કેસ નંબર :–૩૫૫૨/૨૧</u>**

આંક :– ૪

**ફરિયાદી** **:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂઘ્ઘ**

**આરોપી** **:–** વાલ્મીકી અનીલભાઈ દલાભાઈ

ગુનો :– **<u>ઈ. પી. કોડની કલમ – ૨૭૯ મુજબ...</u>**

**// ઠ રા વ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :–

આ કામના આરોપીએ પોતાનું વાહન બેફીકરાઈથી, ગફલતભરી રીતે બીજાની જીંદગી જોખમાય તે રીતે ચલાવી વાહન ચેકીંગ દરમિયાન પકડાઈ જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, ઈ. પી. કોડની કલમ – ૨૭૯ મુજબના શિક્ષાનેપાત્ર ઉપરોકત ગુનાનું આંક – ૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ આરોપીને તેની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેની અદાલત ઘ્વારા આ કામના આરોપીની આંક –૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ સદર ગુનો તેઓને કબુલ મંજુર હોવાનું જણાવેલ છે. બાદ આરોપીએ આંક –૨ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીને સદર ગુના કબુલાત પુરસીસ અન્વયે થઈ શકતી સજા અને દંડ બાબતે વાકેફ કરવામાં આવેલ. સદરહું આરોપીએ તેઓની કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી ગરીબ મજુર વર્ગના માણસ છે. વધુમાં આરોપીએ મૌખિકમાં તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે તેમજ આવા પ્રકારનો ગુનો ભવિષ્યમાં કરશે નહીં તેવું જણાવેલ છે.

(૩) આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાનમાં લેતાં આ આરોપી સામે વાહન પુરઝડપે ચલાવવા અંગેની ફરીયાદ છે. વધુમાં આ કામે આરોપીની ઉપરોકત ગુના કબુલાત પુરસીસ અન્વયેની રજુઆત ધ્યાનમાં લેતાં આરોપીએ રજુ કરેલ કારણો ઓછી સજા અને દંડ કરવા માટેના ખાસ અને પુરતા કારણો છે. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા – ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. ઉપરોકત સજા અને દંડના સિંધ્ધાતોને ધ્યાનમાં રાખી આરોપીને સમાજમાં સારા માણસ બની રહેવાની તક આપવા માટે ઓછી સજા અને દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. વધુમાં આરોપી કુટુંબની જવાબદારી ધરાવતા વ્યકિત છે તેવી તેમની ગુના કબુલાત ધ્યાનમાં લેતાં તેમજ આવો ગુનો ફરીવાર નહીં કરવાની ખાતરી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // હુ ક મ //

-- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કોડની કલમ – ૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

-- આ કામના આરોપીને ઈ. પી. કોડની કલમ – ૨૭૯ ના ગુના સબબ રૂા. ૧૫૦/– ( અંકે રૂપિયા એકસો પચાસ પુરા ) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન – ૧૫ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૦ મી** માહે **જુલાઈ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૧.
પાટણ.

**( યુ.એસ.પરમાર)**
ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ
જજ કોડ નં. જીજે ૦૧૧૬૦
સ્પેશ્યલ સીટીંગ